રજી.લીધા તારીખ	:	૦૯/૦૮/૨૦૧૭
નિકાલ તારીખ	:	૧૯/૦૧/૨૦૨૬
સમયગાળો	:	<u>વર્ષ</u> ૦૮ · <u>માસ</u> ૦૫ · <u>દિવસ</u> ૧૦

નામદાર શ્રી મોટર અકસ્માત વળતર ટ્રીબ્યુનલ સમક્ષ
મું.ભચાઉ–કચ્છ.

M.A.C.P.No-283-2020
આંક :–

અરજદાર	:	(૧)	કરમાબેન વીડો ઓફ ધનાભાઈ ઉર્ફે ધનજી કારા (ચૌધરી) ઉ.વ.૩૭, ધંધો–ઘરકામ
	:	(૨)	ખેતાભાઈ ધનાભાઈ ઉર્ફે ધનજી કારા (ચૌધરી) ઉ.વ.૧૯, ધંધો–મજુરી
	:	(૩)	ભગવતી ડો/ઓ ધનાભાઈ ધનજી કારા (ચૌધરી) ઉ.વ.૧૭, ધંધો–અભ્યાસ
	:	(૪)	નયના ડો/ઓ ધનાભાઈ ધનજી કારા (ચૌધરી) ઉ.વ.૧૪, ધંધો–કંઈ નહી
	:	(૫)	મનીષા ડો/ઓ ધનાભાઈ ધનજી કારા (ચૌધરી) ઉ.વ.૧૨, ધંધો–અભ્યાસ
	:	(૬)	માનાભાઈ અરજણ કારા (ચૌધરી) ઉ.વ.૬૫, ધંધો–કંઈ નહી
	:	(૭)	ભાણીબેન માનાભાઈ કારા (ચૌધરી) **(એબેટ)** ઉ.વ.૬૩, ધંધો–કંઈ નહી. બધા રહે–બાલાસર, તા–રાપર–કચ્છ.

		વિરૂધ્ધ.	
સામાવાળા	**:**	(૧)	ભારુ ગોકળભાઈ વરચંદ ઉ.વ.પુખ્ત, રહે–આધોઈ, તા–રાપર–કચ્છ.

અરજદારના વિ.વ.શ્રી	:	વી.કે.મઢવી
સામાવાળા તરફે વિ.વ.શ્રી	:	એચ.જે.સોનપાર

બાબત	**:**	મોટર વ્હીકલ એકટ–૧૯૮૮ની કલમ–૧૬૬, તળે વાહન અકસ્માત માં થયેલ અવસાન સબબ થયેલ નુકશાનીનું વળતર મેળવવા માટેની અરજી...

–: ચુકાદો :–

(૧) આ કામના અરજદારોએ મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૬ મુજબ વાહન અકસ્માતમાં મૃત્યુ પામેલ પતિ/પિતા/પુત્રના અવસાન સબબ વળતરની રકમ રૂ.૧૫,૦૦,૦૦૦/–૧૨% ના વ્યાજ સાથે મેળવવા માટે હાલની આ અરજી કરેલ છે. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર નં–૧ ના મરણજનાર પતિ તા–૦૬/૦૧/૨૦૧૭ નારોજ દુધ ભરીને ડેરીએથી વાડીએ મરણજનારના મોટરસાયકલ નં.જી.જે.૧૨–બીએચ–૪૩૨૧ વાળા મોટર સાયકલમાં ઘરે આવતા હતા ત્યારે લખપત તથા સરદાર નગર વાળી ગોળાઈ પાસે પહોચતા સામાવાળા નં.૧ વાળાએ પોતાની માલિકીની બોલેરો જીપ જેનો રજી.નં–જીજે૧૨–વી–૮૩૭૫ વાળી

પુરઝડતે ગફલતભરી રીતે ચલાવી મોટર સાયકલ ને પાછળથી અડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી છ દીવસની સારવાર બાદ મૃત્યુ નિપજાવેલ. જે અંગેની ફરીયાદ સામખીયાળી પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૧/૨૦૧૭ થી આઈ.પી.સી. કલમ–૨૭૯,૩૩૭ તથા મોટર વ્હીકલ એકટની–૧૭૭,૧૮૪ મુજબ રજીસ્ટરે લેવાયેલ. અકસ્માત સમયે અરજદારને અકસ્માતથી ગંભીર ઈજાહો પહોંચતા ગુજરનારને સદભાવના હોસ્પીટલ તથા સ્ટર્લીંગ હોસ્પી. રાજકોટ સારવાર માટે લઈ ગયેલ, જયાં સારવાર દરમ્યાન તા.૧૦–૧–૨૦૨૭ ના રોજ તેનું મૃત્યુ થયેલ. અકસ્માત સમયે મરનારની ઉમર ૩૭ વર્ષની હોવાનું જણાવી અને મરનાર પશુપાલન કરી માસ્કિ રૂા.૬૦૦૦/– કમાઇને ઘરનું ગુજરાન ચલાવતા હોવાનું જણાવી વળતરની રકમ રૂા.૧૫,૦૦૦/– મેળવવા અરજી કરેલ છે.અરજદારો પૈકી અરજદાર નં.૧ ગુજરનારની પત્ની, અરજદાર નં.ર પુત્ર, અરજદાર નં.૩ થી ૫ પુત્રીઓ અને અરજદાર નં.૬, પિતા અને અરજદાર નં.૭ માતા થતા હતા. તે પૈકી અરજદાર નં.૭ ચાલુ કામે અવસાન પામેલ છે.

(૨) આ અરજીની નોટીસ અને સમન્સ સામાવાળાને બજી જતા સામાવાળા આંક–૧૦ ના વકીલપત્ર મુજબ વિ.વ.શ્રી એચ.જે.સોનપાર મારફત હાજર થયેલ અને જવાબ રજુ કરવા માટે મુદતો લીધેલ જે મંજુર થયા બાદ સામાવાળાએ જવાબ રજુ નહી કરતા જવાબનો હક બંધ કરવામાં આવેલ.

(૩) ઉપરોકત હકીકતોને આધારે સદરહુ અરજીના નિર્ણય માટે મારા પુરોગામી ન્યાયધીશ શ્રીએ આંક–૧૪ થી નીચે મુજબના મુદ્દાઓ મુકરર કરેલ છે.

– : : મુદ્દા : : –

[૧] શું અરજદારો પુરવાર કરે છે કે ગુજરનારનું મૃત્યુ અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચાલકના બેદરકારી અને ગફલતભર્યા ડ્રાઈવીંગ ને કારણે થયેલ છે ?

[૨] શું અરજદારો માંગ્યા મુજબના વળતરની રકમ મેળવવા હકદાર છે? જો હા, તો કેટલી રકમ અને કોની પાસેથી ?

[૩] શું હુકમ અને એવોર્ડ?

(૪) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

– : : નિર્ણય : : –

[૧] હકારમાં

[૨] અંશત: હકારમાં

[૩] આખરી હુકમ મુજબ

(૫) આ કામના અરજદાર દવારા સામાવાળા સામે અકસ્માતમાં પોતાના સ્વજનના મૃત્યુના કારણે મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૬ મુજબ વળતર મેળવવા માટે કરેલ અરજીના સમર્થનમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ ઉપર ઉપસ્થિત કરેલ છે જે નીચે મુજબ છે.

– : મૌખિક પુરાવા :–

અ.નં.	સાહેદનું નામ	આંક
૧	ખેતાભાઇ ધનાભાઇ ઉર્ફે ધનજી કારાનું	૧૬

	સોગંદનામું	

– : દસ્તાવેજી પુરાવા :–

અ.નં.	દસ્તાવેજનું વર્ણન	આંક
૧	એફઆઈઆરની ખરી નકલ	૨૬
૨	સ્થાનિક જગ્યાનું પંચનામું	૨૭
૩	મરણોતર પંચનામું	૨૮
૪	પી.એમ.નોટ	૨૯
૫	સામાવાળા ન્નં ૧ ના ડ્રાઈવિંગ લાયસન્સ ની નકલ	૩૦
૬	સ્ટર્લીંગ હોસ્પીટલની રૂા.૩૨,૨૫૭/– ની પહોંચ	૩૧
૭	સ્ટર્લીંગ હોસ્પીટલની ડેથ સમરી	૩૨
૮	સદભાવના હોસ્પીટલ રાજકોટનું ડીસ્ચાર્જ કાર્ડ	૩૩

(૬) અરજદાર તરફથી ૨૫ થી પુરાવો પુરો થયાની પુરશીશ આપવામાં આવ્યા બાદ પણ સામાવાળા ના વકીલશ્રી એ આ કામમાં કોઇ રજુઆત કરેલ નથી, કે સામાવાળા જાતે હાજર થયેલ નથી.

(૭) અરજદાર તરફથી આંક– ૨૫ થી કલોઝીંગ પુરશીસ આપવામાં આવેલ ત્યારબાદ અરજી સંદર્ભે અરજદારના વિ.વ.શ્રી. વી.કે.માઢવીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લીધેલ છે. અરજદારના વિ.વ.શ્રી વી.કે.માઢવીએ તેવી રજુઆત કરેલ છે કે, સામાવાળા નં–૧ ની બેદરકારી ભર્યા ડ્રાઈવીંગના કારણે ગુજરનારના મૃત્યુ સબબ અરજદારો નો કાયમી આશરો છીનવાઈ ગયેલ છે. અરજદાર તરફથી આ અરજી થયા બાદ સામાવાળાએ જ ઈરાદાપુર્વક વોચ રાખી કામ લંબાવવાનો પ્રયત્ન

કરતા અરજદારોને લાંબા સમય સુધી ન્યાય માટે રાહ જોવી પડેલ છે. અરજદારોએ કાયદેસરના પુરાવાથી કલેઈમ પુરવાર કરેલ હોય સદર પુરાવા દલીલ ધ્યાને લઈ અરજી મંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

– : : નિર્ણય માટેના કારણો : : –

મુદ્દા નં–૧ :–

(૮) મુદ્દા નં–૧ મુજબ અરજદારોએ એ પુરવાર કરવાનું હતુ કે મરનારનુ મૃત્યુ સામાવાળા નં–૧ ના બેદરકારી ભર્યા ડ્રાઈવીંગના કારણે થયેલ છે.તે માટે અરજદારોએ પોતાની અરજીમાં સદર આક્ષેપ કરેલ છેઉપરાંત સરતપાસના સોગંધનામામાં પણ તેમ જણાવેલ છે કે,બનાવનાદીવસ ે, સમય અને સ્થળે સામાવાળા નં– ૧ નાએ સામાવાળા નં–૨ ની માલીકીની બોલેરો ગાડી વાહન પુર ઝડપે અને બેદરકારી ભરી રીતે ચલાવી, મરનાર જે મોટર સાયકલ ચલાવી રહેલ હતા તેના પાછળના ભાગે હડફેટે લઈ, જીવલેણ અકસ્માત કરેલ. સદર અકસ્માતમાં અરજદારના પતિ, પિતા અને પુત્રનુ મૃત્યુ થયેલ હોવા અં ગે અરજદાર તરફથી આંક–૨૬ થી ફરિયાદ, આંક–૨૭ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ, આંક–૨૮ થી ઈન્કવેસ્ટ પંચનામું, આંક–૨૯ થી પી.એમ.નોટ, આંક–૩૧ થી હોસ્પીટલની પહોંચ અને ૩૨ થી ડેથ સમરી અને આંક–૩૩ થી સદભાવના હોસ્પીટલના ડસ્ચાર્જ કાર્ડની નકલ રજુ કરેલ છે. જે પુરાવા બીન તકરારી હોય અકસ્માતમાં ગુજરનારનું મૃત્યુ થયેલ હોવાનું પુરવાર થયેલ છે. અરજદારે તેમ જણાવેલ છે કે,સદર મૃત્યુ સામાવાળા નં–૧ ની બેદરકારી સબબ થયેલ છે. સદર હકીકત માટે અરજદાર તરફથી આંક–૨૭ ફરિયાદ રજુ

કરેલ છે. સદર ફરિયાદમાં સામાવાળા નં–૧ નાએ પોતાની બોલેરો ગાડી પુરઝડપે,ગફલતભરી રીતે ચલાવી મો.સા.ને પાછળથી ટકકર મારતા મરનાર ને ઈજા થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. આં ક–ર૭ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે. જે જોતા લખપત સરદારનગરની વચ્ચે રોડ ઉપર બનાવ બનેલ છે. જયાં બોલેરો તથા મોટર સાયકલ પડેલ હતા. મોટર સાયકલ હોન્ડા ગાડીનો આગળનો ભાગ તથા ટાયર રીંગ સાથે તુટી ગયેલ હોવાનું અને સ્ટેરીંગ બેન્ડ થઈ ગયેલ હોવાનું અને મોટર સાયકલમાં અન્ય નુકશાની હોવાનું તથા લોહી પડેલ હોવાની તથા મોટર સાયકલમાં રૂ.૩૦૦૦/– ત્રણ હજારનુ નુકશાન હોવાની નોંધ છે. આમ બનાવ સ્થળનુ પંચનામું જોતા ફરિયાદ તથા અરજદારનો પુરાવો વં ચાણે લેતા સદર પુરાવા વિરૂધ્ધ કોઈ પડકાર ફેંકવામાં આવેલ ન હોય ત્યારે પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને લક્ષમાં લેતા સામાવાળા નં–૧ ના ડ્રાઈવર વિરૂધ્ધ જ ફરિયાદ દાખલ થયેલ હોય, અરજદારે ચાર્જશીટ તથા પોતાના તમામના આધાર કાર્ડ રજુ કરેલ નથી. મોટા વાહને જ પોતાનું વાહન ખુબ જ સાવચેતી પુર્વક અને નાના વાહનોથી દુર રાખીને સલામત રીતે ચલાવવાની ફરજ હોવાથી અકસ્માત વાળો બનાવ સામાવાળા નં–૧ ના બેદરકારી ભર્યા ડ્રાઈવીંગ સબબ થયેલ છે. સામાવાળાઓ તરફથી અરજદારના પુરાવા વિરૂધ્ધ કોઈ પુરાવો રજુ થયેલ ન હોય કે અરજદારના પુરાવાને કાયદાકીય રીતે પડકારવામાં આવેલ ન હોય તેમજ મોટર સાયકલ ની બેદરકારી અંગેનો કોઈ પુરાવો/રજુઆત થયેલ ન હોય અકસ્માત વાળો બનાવ સં પુર્ણપણે અકસ્માતમાં સંડોવાયેલ બોલેરો ના ડ્રાઈવર એટલ

` કે સામાવાળા નં–૧ ની બેદરકારી સબબ બનેલ હોવાનું પુરવાર થતુ હોય મુદ્દા નં–૧ તે રીતે **હકારાત્મક** ઠરાવવામાં આવે છે.

મુદ્દા નં–ર અને ૩ :–

(૯) મુદ્દા નં–ર અને ૩ મુજબ અરજદારે પોતાની અરજીમાં જણાવેલ છે કે, અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૩૭ વર્ષની હતી. ગુજરનાર ખેતી અને પશુપાલન કરી માસીક રૂપીયા છ હજાર કમાતા હતા અને જો અવસાન ન થયુ હોત તો ભવિષ્યમા રૂપીયા નવ હજારની આવક મેળવતા હોત અરજદાર નં–૧ ગુજરનારના પત્ની અને ર થી પ નાઓ ગુજરનારના સગીર સંતાનો છે. અરજદાર ન–૬ અને ૭ તેના માતા છેઅરજદારે આંક– ૧૬ થી રજુ કરેલ સરતપાસના સોગંધનામામાં પણ તે જ હકીકત જણાવી છે.

(૧૦) ગુજરનારની ઉંમર બાબતે અરજદાર તરફથી કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી. અરજદાર તરફથી રજુ થયેલ આંક–ર૮ ના ઈન્કવેસ્ટ પંચનામામાં, આંક–ર૯ ના પી.એમ.નોટમાં, આંક–૩ર ના ડેથ સમરીમાં અને આંક–૩૩ ના ડીસ્ચાર્જ કાર્ડમાં ગુજરનારની ઉંમર પ૦ વર્ષની જણાવવામાં આવેલ છે. સદર બાબતે કોઈ વિરૂધ્ધનો પુરાવો રજુ થયેલ ન હોય કે સદર બાબત પડકારવામાં આવેલ ન હોય ત્યારે ગુજરનારની ઉમર પ૦ વર્ષની હોવાનું પુરવાર થાય છે. સબબ **નામ. સર્વોચ્ચ અદાલતે સરલા વર્મા વિ.દીલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન** ના કેસમાં ઠરાવ્યા મુજબ **૧૩ નો મલ્ટીપ્લાયર (ગુણાંક)** મળવા પાત્ર છે.

(૧૧) ગુજરનારની આવક સબંધે અરજદારે કોઇ આધાર રજુ કરેલ નથીP અકસ્માત સને ર૦૧૭ માં થયેલ હતો. સદર વર્ષની ગુજરનારની

નોશનલ ઈન્કમ માસીક રૂપીયા ૪૦૦૦/– આકારવામાં આવશે તો ન્યાયનો હેતુ સરશે. ગુજરનારની ઉમર ૫૦ વર્ષની હોવાનું પુરવાર માનવામાં આવેલ હોય ગુજરનારની સદર આવકમાં ૨૫% નો ભવિષ્યનો વધારો ગણતા ગુજરનારની ભવિષ્યની માસીક આવક રૂ.૫૦૦૦/– આકારવામાં આવે છે. તે રીતે ગુજરનારની વાર્ષીક આવક રૂ. ૬૦,૦૦૦/– આકારવામાં આવે છે.

(૧૨) અરજદારે અરજીમાં જણાવેલ છે કે અરજદાર નં–૧ ગુજરનારની પત્ની અને અરજદાર નં–૨ થી ૫ નાઓ ગુજરનારના સંતાનો છે. અરજદાર નં–૬ અને ૭ ગુજરનારના માતાપિતા થાય છે. જે પુરાવા બીન તકરારી હોય અરજદારો ગુજરનારના આશ્રિતો હોવાનું પુરવાર થાય છે. તે રીતે અકસ્માત સમયે ગુજરનારની આવક ઉપર તમામ અરજદારો આધારીત હતા. તેથી **નામ. સર્વોચ્ચ અદાલતે નેશનલ ઈન્સ્યોરન્સ કંપની વિ.પ્રણય શેટ્ટી ૨૦૧૭ (૧૬) એસએસસી ૬૮૦** ના કેસમાં ઠરાવ્યા મુજબ ગુજરનારનો પોતાનો પોતાની આવક માંથી ૧/૫ ખર્ચ બાદ થવા પાત્ર છે. તેથી રૂ. ૫૦૦૦/–માંથી ૧/૫ રકમ રૂ. ૧૦૦૦/– બાદ કરતા રૂ. ૪૦૦૦/– ગુજરનારની આવક બાબતે અરજદારો આધારીત હતા. સદર માસીક આવકને ૧૨ વડે ગુણતા વાર્ષિક આવક રૂ. ૪૮૦૦૦/– થાય છે. સદર વાર્ષિક આવક રૂ. ૪૮૦૦૦/– ને ૧૩ના મલ્ટીપ્લાયર (ગુણાંક) વડે ગુણતા રૂ. ૬,૨૪૦૦૦/–(અંકે રૂપીયા છ લાખ ચોવીસ હજાર પુરા) ફ્યુચર લોસ ઓફ ડેપેન્ડન્સીના હેડ નીચે મળવાપાત્ર છે.

(૧૩) **નામ. સર્વોચ્ચ અદાલતે નેશનલ ઈન્સ્યોરન્સ કંપની વિ.પ્રણય શેટ્ટી ૨૦૧૭ (૧૬) એસએસસી ૬૮૦** ના કેસમાં ઠરાવેલ છે કે, લોસ ઓફ

એસ્ટેટ, મરણોતર ખર્ચ તથા લોસ ઓફ કોન્સોટીયમની રકમ અનુક્ર મે રૂ.૧૫,૦૦૦/-, રૂ.૧૫,૦૦૦/-અને રૂ.૪૦,૦૦૦/- મળવા પાત્ર છે. નામ.સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં તેમ પણ ઠરાવેલ છે કે, સદર રકમમાં દર ત્રણ વર્ષે ૧૦ ટકાનો વધારો કરવાનો રહેશે. સદર ચુકાદો તા-૩૧/૧૦/૨૦૧૭ નારોજ આપવામાં આવેલ હોય જેને અંદાજે ૦૮ વર્ષ જેટલો સમય થયેલ હોય ૨૦% જેટલો વધારો મળવાપાત્ર છે જેથી મરણોતર ખર્ચ અને લોસ ઓફ એસ્ટેટના રૂ.૧ ૮,૦૦૦/- + ૧૮,૦૦૦/- મળવાપાત્ર છે.

(૧૪) ગુજરનારની આવક ઉપર આધારીતો તરીકે અરજદારો હોવાથી તેમજઅરજદારો ગુજરનારના નજીકના સગાઓ હોય તેઓએ ગુજરનારનો સહવાસ અને આશરો ગુમાવેલ હોય લોસ ઓફ કોર્ન્સોર્સીયમના હેડ નીચે અરજદાર નં-૧ પત્ની તરીકેનું અને અરજદાર નં-૨ થી ૫ નાઓ પેરેન્ટન્સ (કોન્સોરસીયમ) મેળવવા હકદાર છે. **નામ. સર્વોચ્ચ અદાલતે નેશનલ ઈન્સ્યોરન્સ કંપની વિ.પ્ર ણય શેટ્ટી ૨૦૧૭ (૧૬) એસએસસી ૬૮૦** ના કેસમાં સદર રકમ રૂ.૪૦,૦૦૦/-ની ફીકસ કરેલ છે તેમાં પણ ૨૦% નો વધારો ગણતા દરેક અરજદાર રૂ.૪૮,૦૦૦/-આ હેડ નીચે મેળવવા હકદાર છે. સબબ આ હેડ નીચે રૂ.૪૮,૦૦૦/-× ૫ = **રૂ.૨,૪૦,૦૦૦** /- મેળવવા હકદાર છે.

(૧૫)આ કામના ગુજરનારને અકસ્માતથી ઈજા તા-૦૬/૦૧/૨૦૧૭ નારોજ થયેલ. ત્યારબાદ ગુજરનારને કઇ કઇ હોસ્પીટલમાં લઇ જવામાં આવેલ તેની હકીકતો અરજદારે પોતાની અરજીમાં કે

સરતપાસના સોગંધનામાં આંક–૧૬ માં જણાવેલ નથી. જો કે, રજુ કરેલ સારવારના કાગળો અને પી.એમ.નોટ જોતા ગુજરનાર તા–૧૦/૦૧/૨૦૧૭ નારોજ અવસાન પામેલ છે. તે રીતે ગુજરનારે ચાર–પાંચ દીવસ અકસ્માતથી થયેલ ઈજા સબબ પીડા અને યાતના ભોગવેલ હતી. તે સંજોગોમાં સદર હેડ નીચે અરજદારોને રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચાસ હજાર પુરા)નું નુકશાન વળતર આકારવામાં આવે છે. અરજદારો તરફથી આંક–૩૧ થી સ્ટર્લીંગ હોસ્પીટલની રૂ.૩૨,૨૫૭/–ની પહોંચ રજુ થયેલ છે. તે જોતા, અકસ્માતથી થયેલ ઈજા બાદ સારવાર પાછળ થયેલ ખર્ચ મેળવવા અરજદારો હકકદાર હોય સદર હેડ નીચે રાઉન્ડ ફીગર રૂ.૩૨,૩૦૦/– આકારવામાં આવે છે. સદર સાત દીવસ દરમ્યાન ગુજરનારની સારવાર પાછળ ઓછામાં ઓછી એક વ્યકિતએ રોકાઈ રહેવુ પડે અને અકસ્માત સ્થળ લખપત સરદાર નગર રોડ થી હોસ્પીટલ તેમજ અરજદારોના રહેણાંક વિસ્તાર બાલાસર તા–રાપર થી રાજકોટની સદભાવના અને સ્ટર્લીંગ હોસ્પીટલમા વાહન વ્યવહારનો ખર્ચ થયેલ હોઈ શકે. ટ્રીબ્યુનલ જસ્ટ અને પ્રોપર વળતર આકારવા બંધાયેલ છે. સબબ તે હેડ નીચે અરજદારોને રૂ.૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા)ની નુકશાની આકારવામાં આવશે તો ન્યાયનો હેતુ સરશે તેવુ આ ટ્રીબ્યુનલ માને છે.

(૧૬)ઉપરોકત હકીકતે અરજદારો નીચે મુજબની વિગતે વળતર મેળવવા હકદાર છે.

અ.નં.	**વિગત**	**રકમ રૂ.**
૧	લોસ ઓફ ડીપેન્ડેન્સી	૬,૨૪,૦૦૦
૨	કોન્સોરસીયમ	૨,૪૦,૦૦૦

૩	મરનારે ભોગવેલ પીડા અને યાતના	૫૦૦૦૦
૪	ગુજરનારની સારવાર પાછળ થયેલ ખર્ચ	૩૨,૩૦૦/-
૫	એટેન્ડન્સ તેમજ વાહન વ્યવહારનો ખર્ચ	૧૫,૦૦૦/-
૩	લોસ ઓફ એસ્ટેટ	૧૮,૦૦૦/-
૪	મરણોતર ક્રિયાનો ખર્ચ	૧૮,૦૦૦/-
	ટોટલ	**૯,૯૭,૩૦૦/-**

- આ રીતે અરજદારો કુલ વળતરની રકમ રૂ. ૯,૯૭,૩૦૦ /- મેળવવા હકદાર બને છે. પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ ટ્રીબ્યુનલ યોગ્ય, વાજબી અને ન્યાયિક વળતર ચુકવવાનો હુકમ કરી શકે છે તે માટે અરજદારે માંગ્યા કરતા વળતરની રકમ વધુ ચુકવવાનો હુકમ થવા પાત્ર હોય તો તે પણ કરી શકે છે. તે રીતે **મુદ્દા નં-૨ અંશત: હકારાત્મક** ઠરાવવામાં આવે છે.

(૧૭) ઉપરોકત હકીકતે મુદ્દા નં-૧ હકારાત્મક ઠરાવવામાં આવે છે. તે રીતે સામાવાળા નં-૧ નાએ પોતાના તાબા કબજાની બોલેરો જીપ રજી.નં-જીજે૧૨-વી-૮૩૭૫ ગફલત ભરી અને બેદરકારી રીતે ચલાવી અકસ્માત સર્જેલ હોય. સામાવાળા નં- ૧ સદર વાહનના માલીક હોય જે અંગેની આર.સી.બુક આંક-૩૦ થી રજુ થયેલ હોય તેઓએ તકો આપવા છતાં અરજદારના પુરાવાથી વિરૂધ્ધનો કોઈ પુરાવો રજુ કરેલ ન હોય કે સદર પુરાવાને પડકારેલ ન હોય તેઓ વળતર ચુકવવા જવાબદાર છે.

(૧૮) જયારે પણ નાણાકીય રકમનું હુકમનામુ કરવાનું થાય ત્યારે ચુકવવા પાત્ર રકમ ઉપર યોગ્ય દરે વ્યાજ પણ ચુકવવાનો હુકમ કરવાની સત્તા

અને જવાબદારી સીપીસી કલમ–૩૪ થી અદાલત ઉપર લાદવામાં આવેલ છે. **નામ. સર્વોચ્ચ અદાલતે નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિ૦ પ્રણય શેટ્ટી ૨૦૧૭ (૧૬) એસએસસી ૬૮૦** ના કેસમાં ૯ ટકાના દરે વ્યાજ ચુકવવાનો હુકમ કરેલ હોય આ ટ્રીબ્યુલન પણ તે દરે અરજીની તારીખથી વળતર ચુકવાય નહી ત્યાં સુધીની રકમ ઉપર અરજદારો વાર્ષિક ૯ ટકાના દરે વ્યાજ મેળવવા હકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. સાદા વ્યાજથી વળતરની રકમ મેળવવા અરજદાર હકકદાર હોવાનું સાબિત થતુ હોઈ **મુદ્દા નં.૨ નો જવાબ અંશતઃ હકારમાં આપી તથા મુદ્દા નં.3** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–::હુકમ::–

(૧) મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૬ મુજબ અરજદારોની અરજી મંજુર કરી તેવો હુકમ કરવામાં આવે છે કે,આ કામના અરજદારોની હાલની અરજી મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ની કલમ–૧૬૬ હેઠળ કરેલ અરજી આથી **અંશત: મંજુર** કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારોને સામાવાળા નં.૧ નાઓએ વળતર પેટે **રૂા.૯,૯૭,૩૦૦/–(અંકે રૂપીયા નવ લાખ સત્તાણું હજાર ત્રણસો પુરા)**અરજી તારીખથી વાર્ષિક ૯ ટકાના વ્યાજ સહિત ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આ કામના સામાવાળા નં.૧ નાઓએ અરજદારને ચૂકવવાપાત્ર થતી અકસ્માત વળતરની રકમ વ્યાજ સહિત આ હુકમની તારીખથી ૨ (બે) માસમાં આ ટ્રીબ્યુનલની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૪) આ કામના અરજદારે વચગાળાની વળતરની રકમ મેળવેલ હોય તો તે રકમ હાલની વળતરની રકમમાંથી મજરે આપવાની રહેશે.

(૫) આ કામના અરજદારને વળતરની રકમ સામાવાળા જમા કરાવ્યેથી જો કોર્ટ ફીની રકમ કાપવા પાત્ર હોય તો તે કાપી અને વચગાળાની વળતરની કોઈ રકમ ચુકવાયેલ હોય તો તે બાદ કરી બાકી રહેલ રકમમાં થી અરજદાર નં–૧ ને ૨૫ ટકા ચુકવવી તથા અરજદાર નં– ૨ થી ૬ ને દરેકને ૧૫ ટકા લેખે ચુકવવી અને તે પૈકી અરજદાર નં–૧ થી ૪, અને ૬ ના ભાગે આવેલ રકમ માંથી ૩૦ ટકા રકમ અરજદાર નં–૧ થી ૪ અને ને એનઈએફટી થી ચુકવવી અને બાકીની રકમ ૫ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટમાં મુકવી. જયારે અરજદર નં –૫ સગીરના ભાગે આવતી રકમ પૈકી પુરેપુરી (સો ટકા રકમ) તેમના નામે ૫ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટમાં મુકવી.

(૬) અરજદારના નામે મુકવામાં આવેલ ફીકસ ડીપોઝીટની રકમ માંથી માત્ર અરજદાર વ્યાજ મેળવવા હકકદાર થાય છે. તે સિવાય ફીકસ ડીપોઝીટ અન્ય કોઈને ટ્રાન્સફર, ગીરો કે એસાઆઈન કે તેના ઉપર લોન મેળવવા હકકદાર રહેશે નહી.

(૭) ઉપરોક્ત એવોર્ડમાં જણાવ્યા મુજબની રકમ સામાવાળાઓએ આ હુકમ જાહેર થયાના દિન–૩૦ માં નીચે જણાવ્યા મુજબના બેંક એકાઉન્ટમાં જમા કરાવવી.

બેંકનું નામ	:	**સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા.**
ખાતા ધારકનું નામ	:	MACT ADDITIONAL DISTRICT COURT BHACHAU
ખાતા નંબર	:	00000044439996902
IFSC Code	:	SBIN0000554
MICR Code	:	370002520

(B.L.Choithani)
5th ADJ Kachchh @ Bhachau

CIF No	:	92234976356
Branch Code:		000554

(૮) અરજદારનું આ પિટીશનનું ખર્ચ આ કામના સામાવાળાઓએ ભોગવવું અને સામાવાળાનું ખર્ચ સામાવાળાએ જાતે ભોગવવાનું રહેશે.

(૯) પ્રસ્તુત કામે **નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો હંસાગૌરી પ્રફુલચંદ્ર લધાણી અને બીજાઓ વિરુધ્ધ ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ અને અન્યો ૨૦૦૭ જી.એલ.આર. પેઈજ નં.૨૯૧** મુજબનું પાલન ટી.ડી.એસ. અંગે કરવાનું રહેશે.

(૧૦) અરજદારોએ આ હુકમ તારીખથી દિન–૧૦માં પોતાના દરેકના અલગ અલગ બેંક એકાઉન્ટની વિગતો આધાર પુરાવા સાથે કોર્ટમાં રજુ કરવી.

(૧૧) હુકમ મુજબ હુકમનામું દોરવું.

– હુકમ આજરોજ તારીખ– ૧૯મી, માહે–જાન્યુઆરી, સને–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૯ /૦૧/૨૦૨૬ સ્થળ–ભચાઉ. S.G.SONARA...	(ભરત લાલચંદ ચોઈથાણી) એમ.એ.સી.ટી. (સહાયક) કચ્છ–ભચાઉ (કોડ નં.જીજે ૦૦૬૯૦)